ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસ:૧૬૩૩ /૧૧/૨૦૨૨ તા:૨૬/૧૧/૨૦૨૨

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી, પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ,
અને રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા
ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કાર્યાલય, કમલમ્ ખાતેથી ભારતીય જનતા પાર્ટીનો
સંકલ્પપત્ર જાહેર કર્યો હતો.

---

આજે મને બંધારણ દિવસના દિવસે ગુજરાત રાજ્યના સંકલ્પ પત્રના
વિમોચનનો અવસર મળ્યો છે તે મારૂ સૌભાગ્ય છે – શ્રી જે. પી. નડ્ડાજી

---

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ કહ્યું છે કે
ભારતીય બંધારણની જાળવણી કરવી અને તેને અનુસરવું એ
આપણા સૌની જવાબદારી છે – શ્રી જે. પી. નડ્ડાજી

---

આ અમૃતકાળમાં ગુજરાતે વિકાસવાદ અપનાવી દેશ અને દુનિયાને
નવો રાહ ચિંધ્યો છે અને એટલા માટે જ ગુજરાત એ વિકાસની ગંગોત્રી છે – શ્રી જે. પી. નડ્ડાજી

---

સૌની યોજનામાં ૧૦ લાખ એકર જમીનને
પિયતનું પાણી ભાજપા સરકારે આપ્યું છે – શ્રી જે. પી. નડ્ડાજી

---

ગુજરાતની ધરતી ઉપર આગામી સમયમાં સૌથી વધુ
વિદેશી મૂડી રોકાણ આવવા જઇ રહ્યું છે – શ્રી જે. પી. નડ્ડાજી

---

ગુજરાતની ધરતી પર શૌચાલયો બનાવી મહિલાઓનું સન્માન
જાળવવાનું કાર્ય ભાજપા સરકારે કર્યું છે – શ્રી જે. પી. નડ્ડાજી

---

દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ જોયેલા સ્વપ્નોને ધરતી પર ઉતારવા માટે ભાજપાનો દરેક કાર્યકર
કોઇપણ જાતની અપેક્ષાઓ વગર પોતાની તાકાત લગાવી દે છે – શ્રી જે. પી. નડ્ડાજી

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



\---

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા ગુજરાતની જનતા પાસેથી
તેમની ભારતીય જનતા પાર્ટી પાસેથી શું અપેક્ષાઓ છે તેની માહિતી
વોટ્સ એપ, મીસ્ડ કોલ અને સુચન પેટી દ્વારા અભિપ્રાય મંગાવ્યો હતો – શ્રી સી. આર. પાટીલ

\---

બંધારણ દિવસે ગુજરાત રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ પત્ર જાહેર કરવામાં આનંદની
લાગણીઓ અનુભવું છું અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટીએ
જે જે સંકલ્પો કર્યા છે તેને પૂર્ણ કરવામાં આવ્યાં છે અને અમુક સંકલ્પો
પ્રગતિ હેઠળ છે. - શ્રી સી. આર. પાટીલ

\---

ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ પત્ર એ એક દસ્તાવેજ છે - શ્રી સી. આર. પાટીલ

\---

અમે જે કહ્યું છે તે કર્યું છે અને આજે પણ ગુજરાતની જનતા એ ભાજપા પાસે
જે અપેક્ષાઓ વ્યક્ત કરી છે તે પણ આ સંકલ્પમાં સમાવી
તેને પૂર્ણ કરવા કટીબધ્ધ છીએ તેમ જણાવ્યું હતું – શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

\---

ભાજપાની સરકાર દ્વારા તમામ સુવિદ્યાઓ ખૂણે ખૂણે પહોંચાડી
વિવિધ ક્ષેત્રોમાં ગુજરાત સમગ્ર દેશમાં નંબર ૧ બન્યું છે –શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

\---

ભાજપાનો આ સંકલ્પ પત્ર એ માત્ર ચૂંટણી લક્ષી નથી પરંતુ
જનતાએ મૂકેલા વિશ્વાસને જાળવી રાખવાનો ભાજપાનો દસ્તાવેજ છે – શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

\---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી, પ્રદેશ અધ્ક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબ, અને રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કાર્યાલય, કમલમ્ ખાતેથી ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પપત્ર જાહેર કર્યો હતો.

ભારતીય જનતા પાર્ટીના સંકલ્પપત્ર જાહેર કરવાના સમયે સ્વાગત પ્રવચન કરતાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાહેબે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા ગુજરાતની જનતા પાસેથી તેમની ભારતીય જનતા પાર્ટી પાસેથી શું અપેક્ષાઓ છે તેની વોટ્સ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

એપ, મીસ્ડ કોલ અને સુચન પેટી દ્વારા અભિપ્રાય મંગાવ્યો હતો. આજે બંધારણ દિવસે ગુજરાત રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ પત્ર જાહેર કરવામાં આનંદની લાગણીઓ અનુભવું છું અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટીએ જે જે સંકલ્પો કર્યા છે તેને પૂર્ણ કરવામાં આવ્યાં છે અને અમુક સંકલ્પો પ્રગતિ હેઠળ હોવાનું જણાવ્યું હતું. ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ પત્ર એ એક દસ્તાવેજ છે. ગુજરાતની શાંતિ, ભવ્યતા અને દિવ્યતા જાળવી રાખવા માટે ગુજરાતની જનતા ફરી એકવાર ભાજપાને સત્તાના સુકાન સોંપશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ભારતીય જનતા પાર્ટીના સંકલ્પપત્ર જાહેર કરવાના સમયે રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી એ વિશ્વની સૌથી મોટી પાર્ટી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા તૈયાર કરવામાં આવેલ બંધારણ દિવસે ગુજરાતની જનતાને શુભેચ્છાઓ પાઠવી હતી. આજના દિવસે ભારતીય જનતા પાર્ટીના સંકલ્પ પત્ર જાહેર થવા જઈ રહ્યો છે ત્યારે ગુજરાતની જનતા ફરી એક વાર ગુજરાતની જનતા સત્તાના માધ્યમથી સેવા કરવાનો અવસર આપશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના છેલ્લા ૨૦ વર્ષથી શાસનમાં છે અને અમે જે કહ્યું છે તે કર્યું છે. અને આજે પણ ગુજરાતની જનતા એ ભાજપા પાસે જે અપેક્ષાઓ વ્યક્ત કરી છે તે પણ આ સંકલ્પમાં સમાવી તેને પૂર્ણ કરવા કટીબધ્ધ છીએ તેમ જણાવ્યું હતું. ભાજપાની સરકાર દ્વારા તમામ સુવિદ્યાઓ ખૂણે ખૂણે પહોંચાડી વિવિધ ક્ષેત્રોમાં ગુજરાત સમગ્ર દેશમાં નંબર ૧ બન્યું છે. ભાજપાનો આ સંકલ્પ પત્ર એ માત્ર ચૂંટણી લક્ષી નથી પરંતુ જનતાએ મૂકેલા વિશ્વાસને જાળવી રાખવાનો ભાજપાનો દસ્તાવેજ છે.

ભારતીય જનતા પાર્ટીના સંકલ્પપત્ર જાહેર કરવાના આ અવસરે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી એ જણાવ્યું હતું કે, આજે મને બંધારણ દિવસના દિવસે ગુજરાત રાજ્યના સંકલ્પ પત્રના વિમોચનનો અવસર મળ્યો છે તે મારૂ સૌભાગ્ય છે. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે પણ કહ્યું છે કે ભારતીય બંધારણની જાળવણી કરવી અને તેને અનુસરવું એ આપણા સૌની જવાબદારી છે. ગુજરાતની ભૂમી એ સંતોની ભૂમી, શુરવીરોની ભૂમી છે અને એ રાજનીતિને દિશા આપનારની ભૂમી છે.ગુજરાતમાં અનેક મહાનુભાવોની ભૂમી છે. આ અમૃતકાળમાં ગુજરાતે વિકાસવાદ અપનાવી દેશ અને દુનિયાને નવો રાહ ચિંધ્યો છે અને એટલા માટે જ ગુજરાત એ વિકાસની ગંગોત્રી છે.

શ્રી જે. પી. નડ્ડાજીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા સુપેરે પરિચિત છે કે ભાજપા જ એક માત્ર પાર્ટી છે જે કહે છે તે કહે છે. સૌની યોજનામાં ૧૦ લાખ એકર જમીનને પિયતનું પાણી ભાજપા સરકારે આપ્યું છે. શિક્ષણ જગતમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ નવી શાળાઓ બનાવવામાં આવી છે. નવી યુનિવર્સિટીઓ બનાવવામાં આવી છે. ગુજરાતની ધરતી ઉપર આગામી સમયમાં સૌથી વધુ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

વિદેશી મૂડી રોકાણ આવવા જઇ રહ્યું છે. ગુજરાતની ધરતી પર શૌચાલયો બનાવી મહિલાઓનું સન્માન જાળવવાનું કાર્ય ભાજપા સરકારે કર્યું છે. ભાજપાએ જે કહ્યું છે તે કર્યું જ છે અને જે નથી કહ્યું તે પણ કર્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશ જામનગરની તેમની મેડીકલ ક્ષેત્રમાં તેમની શાખા ખોલવા જઇ રહી છે. એરોપ્લેન બનાવવાનો પ્રોજેક્ટ વડોદરામાં સ્થાપવમાં આવ્યો છે. અંકલેશ્વરમાં એરપોર્ટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ જોયેલા સ્વપ્નોને ધરતી પર ઉતારવા માટે ભાજપાનો દરેક કાર્યકર કોઇપણ જાતની અપેક્ષાઓ વગર પોતાની તાકાત લગાવી દે છે. ગુજરાતની જનતા શું ઇચ્છી રહી છે તેનો અભ્યાસ કરી તેમની અપેક્ષાઓ ઉપર ખરા ઉતારવા માટે બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવે છે.

શ્રી જે. પી. નડ્ડાજી એ વધુમાં જણાવ્યું હતું હતું ખેડૂતો માટે ગુજરાત કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હેઠળ વિવિધ સુવિદ્યાઓ ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૧૦ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવે. સુજલામ સુફલામ અને સૌની યોજનાને આગળ વધારવા માટે રૂ. ૨૫ હજાર કરોડની જોગવાઇ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં બે શી ફુડ પાર્ક ઉભા કરવામાં આવશે અને તે માટેની યોજના બનાવવામાં આવશે. ફર્સ્ટ બ્લ્યુ  સી કોરીડોર બનાવવામાં આવશે. આયુષ્યમાન કાર્ડ હેઠળ રૂ. ૫ લાખની સહાય વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવશે. મુખ્યમંત્રી ફ્રી ડાયગ્નોસ્ટીક માટે રૂ.૧૧૦ કરોડનો કોર્પસ બનાવવામાં આવશે અને ફ્રી કરવામાં આવશે. રાજ્યમાં મેડીકલ કોલેજો સ્થાપવામાં આવશે. ૧૦ હજાર કરોડ રૂપિયા મહારાજા શ્રી ભગવતસિંહજી હેઠળ રાખવામાં આવશે અને ત્રણ મેડીસીટીઝ બનાવવામાં આવશે અને તેના હેઠળ સી.એચ.સી. અને પી.એચ.સી. ને અપગ્રેડ કરવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રેમાં ૨૦ હજાર સરકારી શાળાઓને સ્કુલ ઓફ એક્સેલેન્સ હેઠળ ૧૦ હજાર કરોડ ફાળવવામાં આવશે. ૨૦ લાખ એમ્પાલોઇમેન્ટ ઓપોર્ચ્યુનીટી બનાવવામાં આવશે. એક ફેમીલી કાર્ડ બનાવવામાં આવશે અને તે હેઠળ સરકારી લાભો ડીબીટી મારફતે આપવામાં આવશે. શ્રમિક ક્રેડીટ કાર્ડ બનાવવામાં આવશે જે હેઠળ શ્રમિકોને રૂ. ૨ લાખની વ્યાજ વગરની લોન સહાય આપવામાં આવશે. ઓ. બી. સી અને અનુ.જાતિ તેમજ અનુ.જનજાતી તેમજ આર્થિક રૂપે નબળા બાળકોને અભ્યાસ માટે રૂ. ૫૦ હજાર ઇન્સ્ટીવ રૂપે આપવામાં આવશે. ગુજરાતમાં સિવીલ યુનિફોર્મ કોડ હેઠળ રેડીકલ વિચારધારાને નાથવા એન્ટી રેડીકલ સેલ બનાવવામાં આવશે. ભારત વિરોધી વિચારધારાને નાથવાનું કામ કરવામાં આવશે. સામાજીક વિરોધી પબ્લીક પ્રોપર્ટીને નૂકશાન પહોંડતા તત્વોને નાથવાગુજરાત ડેમેજીસ એક્ટ બનાવવામાં આવશે. ગુજરાતની ઇકોનોમીને ૧ ટ્રીલીયન ઇકોનોમી સુધી લઇ જવા પ્રયત્નશીલ રહીશું. ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ બનાવવામાં આવશે. ગુજરાતને ફોર લેન અને સિક્સ લેન સડક પરિક્રમા પથ હેઠળ બનાવવામાં આવશે જે દક્ષિણ ગુજરાતમાં ૧૩૦ કિ. મી. સુધીનો તેમજ ઉત્તર પશ્ચિમ ૧૬૩૦ કિ. મી. સુધીનો બનાવવામાં આવશે. સૌરાષ્ટ્ર એક્સપ્રેસ હાઇવે બનાવવામાં આવશે. ગુજરાત ઓલેમ્પિક મિશન હેઠળ વર્લ્ડ ક્લાસ સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવશે અને પહેલી ઓલમ્પિક ગુજરાતમાં રમાડવામાં આવશે. દેવભૂમી દ્વારકા કોરીડોર બનાવવામાં આવશે.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી જે. પી. નડ્ડાજીએ વધુમાં જણાવ્યું હતું કે, મહિલા સશક્તિકરણ વધારવા માટે ફ્રીમાં કે. જી. થી પી. જી સુધીનું શિક્ષણ આપવામાં આવશે. ધોરણ ૯ થી ૧૨ની બાળાઓને સાયકલ આપવામાં આવશે.મહિલાઓને ૧ લાખ સરકારી નોકરી આપવામાં આવશે. શારદા મહેતા યોજના હેઠળ ઈ સ્કુટર ફ્રીમાં આપવામાં આવશે. વ્હાલી દિકરી યોજના હેઠળ રૂ. ૧.૫૦ લાખની સહાય આપવામાં આવશે.મિશન મંગલમ યોજના હેઠળ સ્વ સહાયતા ગ્રુપ હેઠળ રૂ. ૨૫૦૦ કરોડનો કોર્પસ આપવામાં આવશે.સિનીયર સીટીઝન બહેનો બસમાં મુસાફરી ફ્રી  આપવામાં આવશે. અગ્નિવીર યોજના હેઠળ મહિલાઓને ૫૦ હજારની વનટાઈમ ગ્રાન્ટ આપવામાં આવશે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિવાસી ભાઈઓના કલ્યાણ સામાજીક અને આર્થિક ઉત્થાન માટે રૂ. ૧ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવશે. અંબાજી થી ઉંમરગામ સુધી બિરસા મુંડા આદિજાતિ સમૃધ્ધી કોરીડોર બનાવવામાં આવશે. આદીજાતિ વિસ્તારમાં મેડીકલ કોલેજો ખોવામાં આવશે. ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ સ્કુલ ખોલવામાં આવશે. આદિવાસી ભાઈઓ માટે રેશન કાર્ડ માટે મોબાઈલ ડિલીવરી કરવામાં આવશે. આદિવાસી વિસ્તારમાં ૧૦૦ ટકા ઈન્ટરનેટ કનેક્ટીવીટી ફાળવવા અંગે વ્યવસ્થા કરવામાં આવશે.

શ્રી જે. પી. નડ્ડાજીએ વધુમાં જણાવ્યું હતું કે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ભાજપા સરકાર ઉપર જનતા જનાર્દને જે વિશ્વાસ મૂક્યો છે તેને પુરો કરવામાં આવ્યો છે અને આ વખતે પણ આ સંકલ્પ પત્રમાં જનતા જનાર્દનની અપેક્ષાઓનો સમાવેશ કરવામાં આવતા ફરી એકવાર જનતા જનાર્દન સત્તાના માધ્યમથી સેવા કરવાનો અવસર આપશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

સંકલ્પ પત્ર જાહેર કરવા સમયે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદિપસિંહજી વાઘેલા, સંકલ્પ પત્ર સમિતિના સભ્યો અને વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)